
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧. યાચના. ( " છોટમ " અ. ત્રિવેદી ) ... ... ... ૨૪૩

૨. શ્રી વિજયાનન્દ સૂરીશ્વરસ્તુત્યષ્ટકમ્ ... ... ... .. ૨૪૪

૩ સમ્યગ્ જ્ઞાનની કુંચી. ( પરમાત્માનું સ્વરૂપ ) (અનુવાદ) ... ૨૪૬

૪. પવિત્ર જીવનનું રહસ્ય. ( અનુ૦ અભ્યાસી )... ... ... ૨૪૮

૫. પ્રતિપક્ષ-નિરાસ પ્રકાશ ( લે૦ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી )... ૨૫૨

૬. અમારી મારવાડની યાત્રા. ( લે૦ દર્શનવિજયજી ) ... ... ૨૫૬

૭. શ્રી પર્યુષણ પર્વ સંબંધી નિર્ણય. ( આ. શ્રી વિજયવલ્લભસૂરિ ) ... ૨૫૯

૮. આત્માની શોધમાં. ( લે૦ સમન્વય ) ... ... ... ૨૬૧

૯. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ૨.૩



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ બે થી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्म ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. जेठ. आत्म सं. ४२. { अंक ११ मो.

## " યાચના "


નમું હું જગતના પાલક, અમે તારા છીએ બાલક;
અમારાં પર અમર-વૃષ્ટિ, તમો રેલાવજો પ્યારા.
કુબુદ્ધિ મૂળથી કાપી, સદા સુબુદ્ધિને આપી;
અમારાં પર મહા-વૃષ્ટિ, સદા રેલાવજો પ્યારા.
દુઃખીના દુઃખ હરવાને, સદા શુભ કાર્ય કરવાને;
દુઃખીને સુખનો રસ્તો, તમે બતલાવજો પ્યારા.
તમારી ભક્તિ કરવાને, સકળ સંસાર તરવાને;
તમારી ભક્તિ કરતાને, જગત-દુઃખ વિસારજો પ્યારા.
કૃપા-દૃષ્ટિ સદા રાખી, અરજ આ સુણજો મારી;
તમારા ભક્ત ' જૈનો 'ને, ચરણમાં રાખજો પ્યારા.

" છોટમ " અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्रीविजयानन्दसूरीश्वरस्तुत्यष्टकम् ।



चूडारत्नं मुनीनाममलव्रतजुषामग्रणीः कीर्तिभाजा-
मग्रण्यो धीधनानां विशदपदभृतामार्हतानां धुरीणः ।
धुर्यो व्याख्याकृतां यः सहृदयतिलकः सद्गुणिग्रामणीर्यः,
सोऽयं न्यायाम्बुराशिः प्रथयतु विजयानन्दसूरिः श्रियं नः ॥ १ ॥

यं श्राद्धाः संश्रयन्ते प्रवरयतिततिः सेवते सर्वकालं,
वन्दन्ते भूमिपाला भजति च जनतोपासते योगिनोऽपि ।
श्रेणिः कर्णेजपानामपि विशदधियं यं मुदा संस्तुवन्ति,
सोऽयं न्यायाम्बुराशिः शमयतु विजयानन्दसूरिर्दरं नः ॥ २ ॥

येन च्छिन्ना नितान्तं प्रचयमुपगता दुःखदा मोहवल्ली,
ह्यात्मारामे विशुद्धः शिवसुखकृदरं रोपितो बोधिवृक्षः ।
नित्यं वैराग्यवारा दुरितमलभिदा तं च सिक्त्वा व्यवर्धि,
सोऽयं न्यायाम्बुराशी रचयतु विजयानन्दसूरिः सुखं नः ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यस्मै राजिर्गुणानां स्पृहयति च नमस्कुर्वते भोगिनोऽपि,
न द्रुह्यत्यात्मशत्रुस्त्रिभुवनजयकृन्मोहनामा बलीयान् ।
व्याख्यायां कोऽपि नालं विततमतिधनो ह्यागमानां च विद्वान्,
सोऽयं न्यायाम्बुराशिर्भवतु च विजयानन्दसूरिर्मुदे नः ॥ ४ ॥

यस्माद् विस्तारभावं किल जगति गता वर्यशिष्यापगाऽत्र,
सच्चक्रा सेव्यमाना प्रतिदिनममलै राजहंसैर्निषेव्या ।
भव्यानां पापपङ्कं क्षपयति विशदाऽगाधबोधाम्बुपूर्णा,
सोऽयं न्यायाम्बुराशिर्दलयतु विजयानन्दसूरिस्तमो नः ॥ ५ ॥

नैपुण्यं यस्य बाढं विशदमतिभृतः स्वान्यसर्वागमेषु,
कौशल्यं देशनायां भविकजनगणोद्धारणे दक्षता च ।
प्राविण्यं ह्यन्तरारिव्रजहननविधौ संयमाराधने वा,
सोऽयं न्यायाम्बुराशिर्दिशतु च विजयानन्दसूरिः शिवं नः ॥ ६ ॥

मुक्तिस्त्री यत्र रागं श्रयति च सततं दुर्गतिर्वा विरागं,
यस्मिन् राजिर्गुणानां निवसति विमला राजहंसीव पद्मे ।
यत्र श्रद्धाङ्गभाजां विमलगुणगृहे जायते मुक्तिहेतुः,
सोऽयं न्यायाम्बुराशिः क्षपयतु विजयानन्दसूरिर्ह्यघं नः ॥ ७ ॥

यः सूरिः सूरतेजा यममलधिषणाः संश्रयन्ते भवारि-
र्जिग्ये येनाथ यस्मै सततमिह नमोऽघं च यस्मात् प्रणष्टम् ।
यस्याशान्ते सुकीर्तिर्निवसति विमला सद्गुणौघश्च यस्मिन्,
सोऽयं न्यायाम्बुराशिर्हरतु च विजयानन्दसूरिर्भवं नः ॥ ८ ॥

इति श्रीविजयानन्दसूरिस्तुत्यष्टकं मुदा ।
यच्छब्दरूपकलितं पठतांस्ताच्छिवश्रिये ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે ? )

આત્મા સર્વજ્ઞ, શાશ્વત, સ્વતંત્ર અને પરમ સુખમય હોવાનું જે મનુષ્યોને યથાર્થ જ્ઞાન થાય છે તે મનુષ્યો અવશ્ય સુખી થાય એ નિઃશંક છે. ખરા આત્મજ્ઞાનીઓને ચિંતા કે દુઃખ ન સંભવી શકે. તેઓ સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત હોય છે. આત્માનું યથાર્થ જ્ઞાન થતાં, સંસારની વાસનાઓનો વિચ્છેદ થવા માંડે એટલે આત્માને સ્વયમેવ સુખની પ્રાપ્તિ થવા માંડે છે. વાસનાઓ ઘટે એટલે સુખ જરૂર વધે છે. વાસનાઓ વધે એટલે સુખની ક્ષતિ થાય છે. વાસનાઓનું પ્રાબલ્ય ખૂબ વધી જતાં સુખ નિઃશેષ થાય છે. વાસનાઓનું ઉન્મૂલન થતાં પરમ સુખનો પ્રાદુર્ભાવ થાય છે. વાસના એ દુઃખ છે, વાસનાથી મુક્તિ એ સુખ છે. વાસના એ આત્માથી પર છે. આથી તેનો સર્વથા ત્યાગ જ કરવો ઘટે. દુઃખ એ આત્માની વિભાવ દશા છે. દુઃખ એ આત્માનો સ્વભાવ ન હોવાથી, દુઃખયુક્ત સ્થિતિ એ આત્માથી પરકીય દશા છે એમ નિઃશંક રીતે કહી શકાય. દુઃખ, શોક, અનુતાપ આદિ આત્માનાં ભૌતિક દ્રવ્ય સાથે મિશ્રણને કારણે પરિણમે છે. આત્મા સાથે ભૌતિક દ્રવ્યનું મિશ્રણ જ ન હોય તો પરમસુખ–વિશુદ્ધ આનંદરૂપ આત્માનાં સત્ય સ્વરૂપની જ પ્રાપ્તિ થાય. અમિશ્ર–નિર્ભેળ સુખ એજ આત્માનું સત્ય સ્વરૂપ છે. એકલા શરીર કે એકલા આત્માથી દુઃખ કે ક્ષણિક આનંદનો અનુભવ કરવાનું કોઇ રીતે શક્ય નથી. આનું કારણ એ છે કે શરીર એ ભૌતિક વસ્તુ હોવાથી તેમાં મનોભાવોનું અસ્તિત્વ કલ્પનાતીત થઇ પડે છે. વિશુદ્ધ સુખ અને વિશુદ્ધ આનંદ એ જ આત્માનું સત્ય સ્વરૂપ હોવાથી, આત્મા ક્ષણિક આનંદનો અનુભવ કદાપિ ન કરે એ તો સહજ સમજી શકાય તેમ છે. ભૌતિક શરીરમાં દુઃખ કે ક્ષણિક આનંદનો અનુભવ કરવાની કંઈ પણ શક્તિ નથી. આથી દુઃખનાં કારણો વિદ્યમાન હોય પણ ચિત્ત અન્યત્ર નિમગ્ન થયું હોય તો આનંદયુક્ત પરિસ્થિતિમાં પણ આનંદનો અનુભવ નથી થતો. દુઃખ અને ક્ષણિક આનંદ ભૌતિક અનુરાગથી જ પરિણમે છે. ભૌતિક અનુરાગ કમી થતાં દુઃખ અને ક્ષણિક આનંદ નામશેષ થઈ જાય. ભૌતિક અનુરક્તિ નિઃશેષ બનતાં, આત્માને પરમ સુખની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મામાં પરમ દૈવત્વ( પરમાત્મ પદ )ની પ્રાપ્તિજનક સર્વ આવશ્યક તત્ત્વો છે. પરમાત્મપદની પ્રાપ્તિ માટે આવશ્યક કોઇ તત્ત્વનું આત્મામાં અનસ્તિત્વ નથી જ એ સર્વથા નિર્વિવાદ છે. કોઈ દ્રવ્યના ગુણો કે તેની કાર્ય-શક્તિનો કોઇ કાળે વિનાશ ન જ થાય એ પ્રકૃતિનો એક મહાન્ નિયમ છે. એ દ્રવ્યના ગુણો કોઇ વિશિષ્ટ પરિસ્થિતિમાં અમુક સમય સુધી નિયંત્રિત કે નિરર્થક બને છે પણ પરિસ્થિતિ બદલાતાં ગુણોનું સ્વરૂપ પાછું તે ને તે જ થઇ જાય છે. દ્રવ્યની કાર્યશક્તિના સંબંધમાં પણ તેમ જ સમજવું. દા. ત. અમુક વાયુઓ તાત્કાલિક જલ-સ્વરૂપમાં પોતાના મૂળ ગુણો અને કાર્ય-શક્તિથી રહિત બને છે, પણ જલનું તેના અંશોરૂપે પરિણમન કે પૃથક્કરણ થતાં, વાયુઓને પોતાની અસલ શક્તિ અને ગુણોની સ્વયમેવ પ્રાપ્તિ થાય છે. આ જ પ્રમાણે આત્મામાં પરમ દૈવત્વનો આવિષ્કાર ભલે ન થતો હોય પણ આત્મા એ વસ્તુતઃ પરમ દૈવત્વયુક્ત છે એ નિઃશંક છે. સ્વલ્પમાં સ્વલ્પ અને શૂદ્રમાં શૂદ્ર પ્રાણીમાં પણ આત્માનું પરમ દૈવત્વ ગૂઢરૂપે અવશ્ય રહેલું છે. દરેક આત્મામાં ચેતના અપૂર્ણરૂપે વિદ્યમાન હોય એવું અદ્યાપિ દૃષ્ટિગોચર થયું નથી.

ચેતના અનંત, અખંડ અને વિશુદ્ધ છે. ચેતનાની અનંતતાથી આપણે પોતે પણ અનંત છીએ એવો અર્થ નિષ્પન્ન થાય છે. વિશ્વના સર્વ જીવોનું સત્ય સ્વરૂપ દિવ્ય છે એમાં કંઇ શંકા નથી. જીવોનું સત્ય સ્વરૂપ સાંકેતિક રીતે દિવ્ય છે એમ કોઇ રખે માને. જીવનું સત્યસ્વરૂપ વસ્તુતઃ દિવ્ય છે. એમાં કોઈ શરત કે સંકેતને લેશ પણ સ્થાન નથી. પરમાત્મા સર્વ આત્મામાં સદાકાળ વિરાજી રહેલો છે. નામ અને રૂપયુક્ત વિશ્વની પાછળ પરમાત્માનું સંપૂર્ણ અસ્તિત્વ છે. શરીર આદિમાં વ્યામોહ અને બાહ્ય વસ્તુઓ પ્રત્યે અનુરાગરૂપ ભ્રમયુક્ત દશાને કારણે, આત્માથી અંતર્મુખ થઇ શકાતું નથી. વિશ્વનો સર્વ ભ્રમ દૂર થતાં, મનુષ્યને પોતાનાં પરમાત્મ પદ-સચ્ચિદાનંદત્વનો ભાસ થાય છે. સંપૂર્ણ વિકસિત પુષ્પ અને પુષ્પના અંકુર વચ્ચે જે ભેદ છે તેટલો જ ભેદ આત્મા અને પરમાત્મા વચ્ચે છે. સંસારી લાલસાના પરિત્યાગથી-સંપૂર્ણ સંન્યાસ વૃત્તિથી આત્માને પરમાત્મ-પદની પ્રાપ્તિ શક્ય છે. સંસારી આત્મામાં લાલસાનું પ્રાધાન્ય હોય છે, પરમાત્મા લાલસાથી સર્વથા મુક્ત હોય છે. આ રીતે વિચારતાં આત્મા અને પરમાત્મામાં લાલસાનાં અસ્તિત્વ( કે અનસ્તિત્વ )ની દૃષ્ટિએ જં ભેદ રહેલો છે એમ કહી શકાય. તાત્પર્ય એ કે, મનુષ્ય-લાલસા=પરમાત્મા; પરમાત્મા+લાલસા=

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પવિત્ર જીવનનું રહસ્ય.

અનુ૦—અભ્યાસી.

તમને તમારા કામકાજમાંથી વધારે અવકાશ ન મળતો હોય તો કામ કરતાં કરતાં તમને જે થોડોઘણો અવકાશ મળે તે સમય પ્રભુની ઉપાસનામાં બેસી જાઓ. એ માટે તમે વધારે સમય નથી બચાવી શકતા એની ચિંતા ન કરો. તમારા થોડા વખતની સાચા હૃદયથી કરેલી પ્રાર્થના માલીકના દરબારમાં તમારી પરિસ્થિતિ જોઈને સ્વીકારવામાં આવશે જ. વિશ્વાસ રાખો, પ્રભુના દરબારમાં અન્યાયને સ્થાન જ નથી. તમારી એ પ્રકારની વચ્ચે વચ્ચેની પ્રાર્થનાઓ તમારા માર્ગમાં તમને ઘણી જ સહાયતા કરશે.

તમે એવું જ કાર્ય અથવા વ્યવસાય કરો જે તમારી અવસ્થા અને

---

મનુષ્ય. મનુષ્યમાં લાલસા જ ન હોય તો મનુષ્ય પરિપૂર્ણ અને સંપૂર્ણ સ્વાવલંબી બને. લાલસાનો સંપૂર્ણ વિચ્છેદ થતાં મનુષ્ય પરમાત્મા બને. લાલસાથી મુક્ત થવું અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આત્મસાક્ષાત્કાર કરવો એ દરેક મનુષ્યનું પરમ કર્તવ્ય છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ એ દરેક મહાન્ ધર્મોનો પરમ આદેશ છે. એ આદેશનું સક્રિય આચરણ એ જીવનની સાર્થકતા છે, જીવનનો મુક્તિ–મંત્ર છે.

પરમાત્મા અને તેનાં સ્વરૂપનો સંક્ષિપ્ત સારાંશ એ છે કે:—

પરમાત્મા વિશ્વનો કર્તા કે વ્યવસ્થાપક નથી. તે ભક્તિની વાંચ્છના કરે છે એ માન્યતા દોષપૂર્ણ છે. પરમાત્માએ કોઈ લીલાવશાત્ વિશ્વની ઉત્પત્તિ નથી કરી. પરમાત્મા એ આત્માનું સર્વોત્કૃષ્ટ પદ છે. પરમાત્મપદ એ આત્માની સાહજિક સર્વ શ્રેષ્ઠદશા છે. પરમાત્મા સર્વજ્ઞ, પરમ સુખમય અને પરમ પવિત્ર છે. સર્વ સત્તા, પવિત્રતા અને પરમ સુખ એ દરેક આત્માના પ્રધાન અને અભેદ્ય ગુણો છે. જે મનુષ્ય પોતાના આત્માને જાણે છે તે પ્રભુને પણ જાણે છે ખરો. આત્મજ્ઞાની મનુષ્ય પરમાત્મપદની પ્રાપ્તિ કરી શકે છે. આત્માનાં સત્ય જ્ઞાનથી પરમાત્મપદની પ્રાપ્તિ શકય બને છે. જ્ઞાન અને સુખમય સ્થિતિથી આત્મા પરમાત્મા બને છે. સુખ, જ્ઞાન અને પવિત્રતા એ જ પરમાત્મપદ. સર્વ સત્તા, પરમ સુખ અને સંપૂર્ણ પવિત્રતા એ જ પરમાત્મદશા. પરમ સુખી, પરમ પવિત્ર અને સંપૂર્ણ સર્વજ્ઞ એ જ પરમાત્મા. એવા પરમાત્માઓને ત્રિકરણ બુદ્ધિથી સદાકાળ વંદન હો ! (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેકને અનુકૂળ હોય. તે એવું ન હોય કે જે તમારી અવસ્થાને પ્રતિકૂળ હોય. આપણે જો ધ્યાનપૂર્વક જોઇએ તો એવા અનેક આળસુ અથવા મૂર્ખ માણસો મળી આવશે કે જેઓ આખો દિવસ નકામા કામોમાં પડેલા જોવામાં આવે છે. જો કે આપણે જોઇએ છીએ કે તેઓ આખો દિવસ કામ કરે છે, પરંતુ આપણે એ કાર્યનું મૂલ્ય આંકવા બેસીએ તો આપણને પ્રતીતિ થશે કે તેઓનાં આખા દિવસના સઘળા કાર્યનું મૂલ્ય કશું નથી. તેઓનાં બધાં કાર્યો સારવગરનાં તેમજ નકામાં હોય છે. એવા કામથી શો લાભ? તેવા કામ કરવા ન કરવા બરાબર છે એટલા માટે તમે હંમેશા ધ્યાન રાખો કે કયાંય તમે પણ એવા પ્રકારના નિઃસાર અથવા નકામા કામોમાં તમારો સમય નષ્ટ નથી કરી રહ્યા ને. પ્રત્યેક ક્ષણ મહામૂલ્યવાન છે. જો તમને જીવન વ્હાલું હોય તો એક પણ ક્ષણ નકામી ન જવા દો, કોઈ પણ ક્ષણનો દુરુપયોગ ન કરો; કેમકે એવી ક્ષણોનું જ જીવન બનેલું છે. સ્મરણમાં રાખો– સવાર પડે છે, સાંજ પડે છે–જીવન આમ ને આમ ચાલ્યું જાય છે.

એટલા માટે તમે તમારા માટે ઉપયોગી કાર્ય જ પસંદ કરો. નકામા કાર્યોમાં તમારો સમય નષ્ટ ન કરો. અન્યથા પરિણામે પસ્તાવો કરવો પડશે. બિનજરૂરી તથા બિનઉપયોગી કાર્યોમાં સમય ગાળવો એ મહાન્ મૂર્ખતા છે.

તમારી યોગ્યતા અને પરિસ્થિતિને અનુકૂળ જ કાર્ય કરો. જરા વિચાર કરો કે કોઇ રાજા ઉંદર પકડવામાં કે એવી નજીવી બાબતોમાં પોતાનો સમય ગાળતો હોય તો આપણે એને માટે શું કહેશું? કોઈ પૂજારી બજારમાં શાક ખરીદવામાં જ પોતાના સમયનો મોટો ભાગ વ્યતીત કરે તો તેના પ્રત્યે આપણી ભાવના કેવી રહેશે? રાજાનું કાર્ય છે રાજ્યભાર વહન કરવાનું અને પૂજારીનું પૂજા કરવાનું. તે એ લોકોનું મુખ્ય કર્ત્તવ્ય છે. જો તેઓ પોતાનો ઘણો સમય તે કાર્યોમાં ન ગાળે અને તેનાથી ઓછા આવશ્યક કાર્યોમાં ગાળે તો તે પોતાના કર્ત્તવ્યથી ચ્યુત થાય છે એટલું જ નહિ પણ સમયનો પણ મહાન દુરુપયોગ કરે છે. તમે એ બાબતમાં સંપૂર્ણ સતર્ક રહો. જે કાર્ય તમારી યોગ્યતા અને પરિસ્થિતિને અનુકૂળ હોય તે જ કાર્ય કરો, કોઇ પણ પ્રકારના વ્યસનમાં ન ફસાઓ અને જે કાર્યમાં જેટલો સમય ગાળવાનું જરૂરી હોય તે કાર્યમાં તેટલો જ સમય ગાળો. ઓછો કે વધારે નહિ. એ રીતે તમે સમયનો ઘણો બચાવ કરી શકશો.

તમારો વ્યવસાય એવો હોવો જોઇએ કે જે તમારા ધર્માનુકૂળ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એની અંદર અધર્મ કે પાપનો અંશ પણ ન હોવો જોઇએ. પાપ કરનાર જ કેવળ પાપી નથી ગણાતો. પાપનું સાધન બનનાર પણ તેનો ભાગી બને છે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે પાપથી અસહયોગ કરો. તેવાં સાધનોથી સર્વદા દૂર રહો. તેની કલ્પના પણ ન કરો. જે માણુસ કોઇ પણ પાપપૂર્ણ વ્યવસાયમાં પોતાની જાતને સંલગ્ન બનાવી રાખે છે, કોઈ પણ અપવિત્ર વ્યાપારમાં દત્તચિત્ત રહે છે અથવા કોઇ એવા પદાર્થની દુકાન રાખે છે કે જેને પાપ સાથે સંબંધ હોય છે તે છેલ્લી કોટિનો આળસુ ગણાય છે. એ પ્રકારના કામોમાં વ્યતીત કરેલી પ્રત્યેક ક્ષણ તેને પતનની તરફ લઇ જાય છે. એટલા માટે પ્રત્યેક વ્યક્તિની ફરજ છે કે તેણે પોતાના વ્યવસાયને એ કસોટી પર કસી જોવો અને જો પોતાના વ્યવસાયને પાપની સાથે લેશ પણ સંબંધ લાગે તો તે જ ક્ષણે ચેતી જવું જોઇએ તથા તેનાથી પૂરેપૂરા અલગ રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ; અને બાકીનું જીવન પવિત્રપણે ગાળવાનો દ્રઢ સંકલ્પ કરીને તે પ્રમાણે કાર્યમાં જોડાઇ જવું જોઇએ.

જે લોકો સુશિક્ષિત હોય છે તથા સારી સ્થિતિમાં મુકાયલા હોય છે તેઓએ તો પોતાના સમયની એથી પણ વધારે સાવધાની રાખવી જોઇએ. તેઓ સમયનું મૂલ્ય તો સમજતા જ હોય છે. એ છતાં તેઓ તેનો સદુપયોગ નથી કરતા તો તેઓનું શિક્ષણ કશા કામનું જ નથી. એ શિક્ષણ જ ન કહેવાય કે જે કોઈ પણ વ્યક્તિને સમયનો સદુપયોગ ન શીખવે, નમ્ર, સુશીલ અને જીતેન્દ્રિય ન બનાવે. સમયનો સદુપયોગ કરવાનું ન જાણુનાર શિક્ષિત વ્યક્તિ ખરી રીતે અભાગી છે, પરંતુ તેનાથી વધારે કમભાગી તો એ છે કે જેઓ ખરાબ સોબતમાં પડી જાય છે અને પોતાનો સમય પાપકર્મોમાં વીતાવે છે.

એટલા માટે શિક્ષિત મનુષ્યોનું કર્તવ્ય છે કે જો ભૂલેચૂકે કે જાણીબૂઝીને તેઓ કોઇ જાતની ખરાબ સોબતમાં પડી ગયા હોયે તો તરત જ તેની સાથે સંબંધવિચ્છેદ કરી લે તથા પોતાનો બધો સમય સત્કર્મોમાં જ ગાળે. ક્ષણેક્ષણનો સદુપયોગ કરે. જે લોકો અશિક્ષિત હોય તેઓનું કર્તવ્ય છે કે તેઓએ પોતાને માટે સારું મિત્રમંડળ શોધી કાઢવું જેઓ ભૂલેચૂકે પણ તેઓને કુમાર્ગે ન લઇ જાય, પણ તેઓની ભૂલો સારી સલાહથી સુધારીને તેઓને સન્માર્ગે ચડાવે. સૌથી પહેલાં તો તેઓએ સરલ તથા લાભદાયક વાતો શીખવી જોઈએ, દેશના રીતરિવાજો જાણી લેવા જોઇએ, અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને દેશ-પરદેશના ઇતિહાસનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ, પોતાનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજની સ્થિતિ જાણી લેવી જોઇએ, દેશની આર્થિક સ્થિતિનો પરિચય પ્રાપ્ત કરી લેવો જોઇએ, પોતાના કુટુંબનું પાલનપોષણ કરતાં શીખી લેવું જોઇએ, પોતાના પાડોશીઓની જરૂરીયાતોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તે યથાસાધ્ય પુરી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેઓએ સમયનો સદુપયોગ કરતાં શીખવું જોઇએ, તથા ધર્મનું આંતરિક રહસ્ય, માનવજીવનનું વાસ્તવિક લક્ષ્ય સમજીને તેની પ્રાપ્તિના ઉપાયો મેળવીને જીવનને પૂરેપૂરૂં પવિત્ર બનાવવામાં દત્તચિત્ત થઇ જવું જોઇએ. શિક્ષિત લોકોએ પોતાના અવકાશના સમયમાં અશિક્ષિત મનુષ્યોને એવા પ્રકારનું શિક્ષણ આપવું જેના પરિણામે તેનું કલ્યાણ થાય. એ પ્રકારે જેઓ સમય ગાળે છે તે નકામો નથી જતો. તેનાથી તેઓ બન્નેનું કલ્યાણ થશે જ.

સ્ત્રીઓએ પણ આ નિયમોનું પાલન કરવું જોઇએ. તેઓએ પણ પુરુષના જેટલી જ સમયના સદુપયોગની ચિંતા કરવી જોઇએ. કુટુંબના સઘલા માણસો પ્રત્યે પ્રેમ, તેઓની યથાવિધિ સેવા, ગૃહસ્થીના અન્ય કાર્યો તરફ પુરૂં ધ્યાન રાખવું, સમય મળતાં જ દીન જનોની યથાશકિત સેવા કરવી, ભૂખ્યાને ભોજન અને નાગાને વસ્ત્ર આપવા, અતિથિ અભ્યાગતોની સારી રીતે સેવા–શુશ્રૂષા કરવી, પાડોશીઓ તથા પ્રાણીમાત્રની સાથે પ્રેમથી વ્યવહાર કરવો, સત્શાસ્ત્રોનું પઠન–પાઠન કરવું, ધર્મના વાસ્તવિક રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તે મુજબ વર્તવું, પતિની મન–વચન–કર્મથી સેવા કરવી, શુભ કાર્યો કરવા માટે હમેશાં તૈયાર રહેવું વગેરે વગેરે સ્ત્રીઓનાં જે જે કર્તવ્યો છે તેનું સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરીને તે પ્રમાણે પોતાનું આચરણ બનાવીને પોતાનું જીવન પવિત્ર બનાવવું જોઇએ. એ સારા કાર્યોમાં તેઓએ હમેશાં સંલગ્ન રહેવું જોઇએ. એક ક્ષણ પણ નકામી ન જવી જોઇએ. માનવ જન્મ સેવા માટે જ પ્રાપ્ત થયેલો છે. જીવનની ક્ષણભંગુરતા ભૂલી જાઓ. તેની પ્રત્યેક ક્ષણ પ્રભુસેવામાં વાપરો.

ખાવાપીવામાં અથવા પહેરવા–ઓઢવામાં જરા પણ ધ્યાન ન આપો. એની અંદર ઘણો સમય નકામો ચાલ્યો જાય છે. એ સમય તમે બચાવી શકો તો તેનો ઉપયોગ તમે પ્રભુપ્રાર્થના અથવા ઉપાસનામાં સારી રીતે કરી શકો છો એટલા માટે પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેણે ખાવાપીવામાં, પહેરવા–ઓઢવામાં, રહેણીકરણીમાં યથાસંભવ સાદાઇ રાખવી જોઇએ. તેનો પ્રયોગ બિલ્કુલ કઠિન નથી, છતાં ઘડીભર માની લ્યો કે કઠિન હોય તો પણ કલ્યાણની ઇચ્છા રાખનારે સંકટોથી ડરવું શા માટે ? તેણે તો મુશ્કેલીઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિપક્ષ–નિરાસ પ્રકાશ.

## ( વીતરાગસ્તોત્રાંર્ગત )

( લે૦ સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી )

હે પ્રભુ ! નેત્રને અમૃત–અંજન સમાન અને લાવણ્યવડે પવિત્ર કાયાવાળા આપને જોયે સતે આપમાં ઉદાસીન રહેવું તે પણ દુઃખદાયી થાય છે; તો પછી ઇર્ષ્યાવડે આપમાં અસત્ય દૂષણ ઉચ્ચારવાનું તો કહેવું જ શું ? તેમ કરનારની નરકાદિક નીચ ગતિ જ સંભવે છે, તેથી આપ પ્રત્યેનો દ્વેષ-ભાવ તો અત્યંત બુરો છે. ચિન્તામણિ તુલ્ય આપની તો ઉપેક્ષા કરવી પણ અયુક્ત છે. ૧.

નિષ્કારણ વિશ્વોપકારી એવા આપને પણ શત્રુ છે અને તે પણ ક્રોધાદિ કષાયથી વ્યાપ્ત છે, આવી વાર્તા પણ સાંભળીને વિવેકી જનો શું

---

સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું છે; કેમકે ઇશ્વરનો માર્ગ વીરપુરૂષોને માટે છે, કાયરોને માટે નહિ. આ અભ્યાસથી આપણને પ્રાર્થના માટે વધારે સમય મળવા લાગશે એટલું જ નહિ પણ તે સાથે આપણે કેટલીક નકામી જંજાળોથી બચી જઇશું.

' જે માર્ગે જવું નહિ એનું નામ શા માટે લેવું ? ' જે વિષયો, જે બાબતો સાથે તમારો સંબંધ ન હોય તેમાં હસ્તક્ષેપ કરવાની જરૂર જ શી છે ? પારકી ચર્ચામાં સમયનો ઉપયોગ કરવો તે નકામો નહિ તો બીજું શું છે ? આનું તાત્પર્ય એ નથી કે આપણે પાડોશીઓની જરૂરીયાતો તરફ ધ્યાન આપવાનું છોડી દેવું. પાડોશીઓનો સંબંધ તો આપણી સાથે જ છે. આપણે છીએ, તો પાડોશીઓ પણ છે. એના દુઃખમાં ભાગ લેવો એ આપણું કર્તવ્ય છે. બીજાની સેવા કે સહાયતાનો જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી તો આપણે એ વિષયો પર સારી રીતે વિચાર કરી શકીએ છીએ, પણ બેકારોની માફક અહિંતહિં ભટકીને ગમે તેની સારી–નરસી, સાચી–ખોટી વાતો કરવા ન બેસવું એ મતલબ છે. એનું નામ જ પરચર્ચા. એવી વાતોથી નથી આપણને લાભ થતો કે નથી તેઓને લાભ થતો. એમાં ગાળેલો આપણે બધો સમય નકામો જ ગણાય છે એનાથી સર્વથા બચવાનો યત્ન કરો. યથાસાધ્ય મૌન રાખો. બોલ્યા વગર ચાલે એમ ન જ હોય તો જ બોલો એટલે કે જ્યારે બોલો ત્યારે રામની, પરમાત્માની કે કામની જ વાત કરો. —અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન વહે ? ન જ વહે. કેમકે નહીં સાંભળવા યોગ્ય સાંભળવા કરતાં પ્રાણ ત્યાગ કરવો સારો છે. સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનાર પંડિત જનોએ એનો નિર્ણય કરેલ છે કે જેના અંતરંગ શત્રુ સર્વથા ક્ષીણ થયેલા છે તેવા **આપ વીતરાગને કોઇ ક્યાંય કદાપિ શત્રુ હોય જ નહીં.** એ જ વાતને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. ૨.

જો આપનો વિપક્ષ–શત્રુવર્ગ વિરક્ત–રાગ રહિત હોય તો તે નિશ્ચે શત્રુ જ નથી, કેમકે વીતરાગપણાવડે તો તે આપ જ છો અને જો તે રાગવાન હોય તો પણ વીતરાગપણાના અભાવવડે આપનાથી તે અત્યંત નિર્બળ હોવાથી પણ તે શત્રુ નથી, કારણ કે સમાનશીલ અને પરાક્રમ-વાળાનું જ પ્રાયે સપક્ષ–વિપક્ષપણું કહેવું ઘટે છે. શું ખજવો કદાપિ સૂર્યનો પ્રતિપક્ષી હોઈ શકે ? ૩.

હે પ્રભુ ! તે ( લવસત્તમ અનુતરવાસી દેવો, પણ આપના યોગ–માર્ગની સ્પૃહા રાખે છે, ત્યારે યોગ મુદ્રા, ( રજોહરણાદિક ધર્મ ઉપકરણ ) રહિત એવા અન્ય સાંખ્યાદિકને તો તે યોગમાર્ગની સ્થિતિ શી ? યોગ ત્હેમનાથી દૂર છે. ૪.

હે વીતરાગ ! યોગક્ષેમકારી આપને અમે નાથ સ્વીકારીએ છીએ, આપને સ્તવીએ છીએ ને આપની સેવા–ઉપાસના કરીએ છીએ; કેમકે આપનાથી અન્ય કોઇ ત્રાતા ( રક્ષક ) નથી.

આપની સ્તવના ઉપરાંત બીજું શું બોલીએ ? અને આપની સેવા–ઉપાસના ઉપરાંત બીજું શું કરીએ ? કારણ કે વાણી અને જન્મ પામ્યાનું એ જ ઉત્તમ ફળ છે. ૫.

પોતે હિંસાદિક મલિન આચારવાળા હોઇ બીજા ભોળા જનોને ઠગવામાં ચતુર એવા અન્ય દેવ–ગુરુઓ બધી દુનિયાને પણ છેતરે છે, તેથી અમે આપ વગર બીજા કોની પાસે જઈ પોકાર કરીએ ? ૬.

હે પ્રભુ ! સદાય કર્મમુકત ( મનાતાં છતાં ) જગતની સૃષ્ટિ, જગતનું પાલન અને જગતનો ક્ષય કરવામાં ઉજમાળ એવા વાંઝણીના પુત્ર જેવા કલ્પિત દેવોને કોણ સચેતન માન્ય કરે ? વિચારશીલ આત્મા તો માન્ય ન જ કરે. ૭.

જઠરાગ્નિ અને કામાગ્નિથી પીડાયેલા ( પરાભવ પામેલા ) દેવોવડે પોતાને કૃતાર્થ માનનારા દ્વિજાદિકો આપની જેવા ( સર્વોત્તમ વીતરાગ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવનો અપલાપ ( નિષેધ ) કરે છે ! હા, હા, ઇતિ ખેદે આ તે કેવા આસ્તિક સમજવા. ૮.

આકાશપુષ્પ જેવું કંઇક મનમાં વિચારી તેને સિદ્ધ કરવા એવું જ કંઇ કલ્પિત પ્રમાણ બતાવી પરવાદીઓ ગેહેશૂરા ( પરશૂરા ) છતાં સ્વગેહે ( સ્વદર્શનમાં ) ભારે મદથી કયાંય ગણાતા-સમાતા નથી. ૯.

હે પ્રભુ ! કામરાગ અને સ્નેહરાગ એ બંને તો સુખે ( અલ્પ શ્રમથી ) નિવારી શકાય છે; પરંતુ દ્રષ્ટિરાગ-આ મ્હારું જ ખરું એવી ખોટી માન્યતા મહાપાપી છે, કારણ કે તેને સત્પુરુષો પણ દુઃખે તજી શકે છે, [ એવો દ્રષ્ટિરાગ કેમે છૂટી શકતો નથી ] ? ૧૦.

હે પ્રભુ.! આપનું વદનકમળ પ્રસન્ન છે. આપના ચક્ષુ રાગ-દ્વેષાદિ વિચાર રહિત [ મધ્યસ્થ ] છે અને આપનું વચન સત્ય હિતકારી હોવાથી લોકપ્રિય છે. આવી રીતે પ્રેમ-પ્રીતિ કરવા યોગ્ય આપના વિષે પણ મૂઢજનો અત્યંત અનાદર જણાવે છે. ( તે ખેદની વાત છે ) ૧૧.

હે જિનેંદ્ર ! કદાચ વાયુ સ્થિર થઇ જાય અને જળ અગ્નિરૂપ થઇ જાય તો પણ રાગાદિક મહાવિકારોથી વ્યાપ્ત હોય તે કદાપિ આપ્ત ( સમ્યક્તત્ત્વજ્ઞ ) થવા યોગ્ય નથી. મતલબ કે, આપ સિવાય અન્ય દેવોમાં વીતરાગપણાના અભાવથી ખરું દેવપણું નથી. ૧૨.

## જગતકર્તૃ નિરાસ પ્રકાશ.

પાપ-પુણ્ય વગર શરીર ધારવાનું ન હોય, શરીર વગર મુખ-વાચા ન હોય અને મુખ વગર વાણીનો વ્યાપાર ( વક્તાપણું ) ન હોય, તો પછી તે વિના અન્ય દેવો ઉપદેશદાતા શી રીતે ઠરે ? ૧.

જેને દેહ નથી એવા દેવને જગતની સૃષ્ટિ કરવાની પ્રવૃત્તિ પણ ઉચિત નથી. વળી કૃતકૃત્ય હોવાથી તેમ કરવાનું તેમને કશું પ્રયોજન નથી, કેમકે શિવાસ્તિકો કહે છે કે તેમના ભગવાન પારકી આજ્ઞાવડે પ્રવર્તતા નથી, પણ સ્વઇચ્છાવડે જ પ્રવર્તે છે. ૨.

એ ક્રીડા-કૌતુકથી પ્રવર્તતા તો બાળકની પેઠે રાગવાન ઠરે છે અને જો કૃપાથી સૃષ્ટિની પ્રવૃત્તિ કરતા હોય તો સહુને સુખી જ સર્જે-દુઃખી તો ન જ સર્જે; પણ એમ તો દેખાતું નથી. ૩.

ઇષ્ટ વિયોગાદિક દુઃખ અને દરિદ્રતા તથા શ્વાન, ચંડાલ અને નરકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિક દુર્યોનિ તેમજ જન્મ-જરાદિક કલેશથી પીડિત એવાં પ્રાણીઓને સર્જતા તે કૃપાળુની કૃપા ક્યાં જતી રહી? ૪.

જો પ્રાણીઓના કર્માનુસારે તે સુખદુઃખ આપે છે એમ માનો તો તે ઈશ્વર આપણી પેરે સ્વતંત્ર ઠરશે નહીં. જો કર્મજનિત જ બધી વિચિત્રતા બનતી માનો તો પછી આ કલ્પિત ઇશ્વરનું પ્રયોજન શું? ૫.

વળી ઇશ્વરની જગતસૃષ્ટિ સંબંધી સ્વેચ્છાવૃત્તિ સંબંધી કોઇએ કશો તર્ક ન જ કરવો. એમ કહેતા હો તો પરીક્ષકોને પરીક્ષા નહીં કરવા દેવા જેવું આ તમારું વચન અનિષ્ટ ઠરશે. ૬.

સર્વ પદાર્થવિષયક જ્ઞાતાપણું (જાણપણું) એ જ જો જગતકર્તાપણું માનતા હો તો તે વાત અમને પણ સંમત છે, કેમકે અમારા જિનશાસનમાં દેહધારી સત્તા ઘાતીકર્મ રહિત સર્વજ્ઞો, સમસ્ત પદાર્થોને સમસ્ત રીતે જાણતા સતા કેટલોક કાળ જગતમાં જયવંત વર્તે છે. ૭.

હે નાથ! પૂર્વોક્ત પ્રકારે યુકિતરહિત જગતસૃષ્ટિવાદ સંબંધી કદાગ્રહ તજીને જેમના ઉપર આપ પ્રસન્ન છો તે પુરુષો આપના શાસનમાં જ આનંદ માને છે. ૮.

( આ રીતે સૃષ્ટિવાદ સંબંધી સંક્ષેપમાં પણ ખરી હકીકત જાણી સુજ્ઞ જનોએ પોતાની ખોટી કલ્પનાજાળમાંથી મુક્ત થઇ સત્યના પાયા પર શ્રદ્ધા દ્રઢ કરવી જોઈએ. )

## કાળસૌષ્ટવ જ્ઞાન પ્રકાશ.

હે વીતરાગ! જ્યાં થોડા જ વખતના વ્યયવડે આપના ભકતો ફળ મેળવે છે તે એક કલિકાળ જ સારો છે, અન્ય કૃતયુગાદિકથી સર્યું. ૧.

સુષમા કાળથી દુષમા-કલિકાળમાં આપની કૃપા અધિક ફળદાયી સમજાય છે, કેમકે મેરુ પર્વત કરતાં મરુભૂમિ( મારવાડ )માં કલ્પવૃક્ષની સ્થિતિ અધિક રૂડી ( પ્રશંસાપાત્ર ) છે. ૨.

હે પ્રભુ! જો પરમ શ્રદ્ધાવાન શ્રોતા અને પુષ્ટબુદ્ધિવાળા આગમ રહસ્યના જાણ વક્તાનો જોગ મળે તો કલિકાળમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય સર્વત્ર પ્રસરી રહે છે. કુમારપાળ જેવા શ્રદ્ધાવાન શ્રોતા અને શ્રી હેમચંદ્રસૂરિ જેવા સમર્થ વક્તાનો યોગ થતાં આ કલિકાળમાં શાસનની શોભા સર્વોત્કૃષ્ટ થયેલી હોવાથી ઉપરોકત વચન સ્વાનુભવસિદ્ધ જાણવું. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી મારવાડની યાત્રા.

( ઐતિહાસિક દૃષ્ટિએ )

[ ગતાંક ૮ માના પૃ. ૧૮૯ થી શરૂ ]

**સાદડી.**

રાણકપુરજીથી બધાયે સાધુ મહાત્માઓ સાદડી પધાર્યા. સાદડીના શ્રી સંઘે ઉત્સવપૂર્વક બધાને પધરાવ્યા. અહીં જાહેર વ્યાખ્યાનો થતાં. બધા એક જ સ્થાને ભેગા થઈ વ્યાખ્યાનો આપતા. મારવાડની પંચતીર્થીમાં સાદડી એક મોટું શહેર છે. મારા ખ્યાલથી ગોલવાડમાં સાદડી મોટું શહેર છે. જૈનોની સંખ્યા સારી છે. ધર્માત્મા છે. અવારનવાર વિદ્વાન સાધુ મહાત્માઓનાં ચાતુર્માસ અવશ્ય થાય છે. અહીં સુંદર ચાર જિનમંદિરો છે. તેમાં પ્રાચીન પ્રતિમાઓ છે, દર્શનીય છે, ઉપાશ્રય છે, પંચાયતીનો રોપણ સારો છે. આત્મવલ્લભ લાઇબ્રેરી, સ્કૂલ આદિ સંસ્થાઓ છે. સાદડીનો સંઘ પહેલાં રાણકપુરજી તીર્થનો વહીવટ ચલાવતો. હાલમાં આ ક પેઢી રાણકપુરજી તીર્થનો વહીવટ કરે છે. એ પેઢી પણ અહીં જ છે. રાણકપુરજી જવા ઇચ્છતા ગૃહસ્થોએ રાણી સ્ટેશન યા તો ફાલના સ્ટેશન ઉતરી, સાદડી થઇ રાણકપુરજી જવાનું છે. અહીંથી અમે **ઘાણેરાવ** ગયા.

---

હે નાથ ! કૃતયુગાદિકમાં પણ દુર્જન લોકો ઉદ્ધત હોય છે તો પછી વિષમ એવા કલિકાળ ઉપર શા માટે કોપ કરવો ? ૪.

કલ્યાણપ્રાપ્તિ ( આત્મસિદ્ધિ ) કરવા માટે કલિકાળરૂપી કસોટી જ શ્રેયકારી છે, કેમકે અગ્નિ વગર અગર( ધૂપ )નો ગંધ–મહિમા વધતો નથી. ૫.

હે પ્રભુ ! રાત્રિમાં દીપક, સમુદ્રમાં બેટ, મરુ દેશમાં વૃક્ષ અને શીતકાળમાં અગ્નિ સમાન દુર્લભ એવા આપના ચરણકમળનાં રજકણ અમને કળિકાળમાં પ્રાપ્ત થયેલ છે. ૬.

હે પ્રભુ ! આપના દર્શન ( શાસન ) રહિત હું કૃતયુગાદિકમાં ભવ અટવી મધ્યે, રખડયો છું તેથી જેમાં આપનું દર્શન–શાસન મળ્યું થયું એવા કળિકાળને અમારા નમસ્કાર હો ! ૭.

હે પ્રભુ ! જેમ વિષહારક મણિથી વિષયુકત ફણીધર શોભા પામે છે તેમ સંપૂર્ણ દોષ રહિત એવા આપથી બહુ દોષયુક્ત કલિકાળ પણ શોભાપામે છે. ૮.

કલિકાળમાં પણ પુરુષાતન કરી આત્મસાધન કરી લેવા ઉજમાળ થયેલને કરેલ પુરુષાતન અલ્પ સમયમાં ફળે છે એમ સમજી પ્રમાદ તજી આત્મવીર્ય ફોરવી શાસનસેવા કરી લેવી જોઇએ. પ્રમાદીને ભય નડે છે. અપ્રમાદીને ભયાદિક દોષો નડતા નથી–દૂર થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઘાણેરાવ.

**ઘાણેરાવમાં ૧૩ શ્રી જિનમંદિર** છે. બહુ જ સુંદર અને દર્શનીય છે. ખાસ દર્શન કરવા લાયક સ્થાન છે. અહીંથી દોઢથી બે ગાઉ દૂર **મુછાલા મહાવીરનું પ્રાચીન તીર્થધામ છે.**

ઘાણેરાવથી જંગલમાં થઇને આ તીર્થસ્થાને પહોંચાય છે. ચોતરફ સુંદર ઝાડી અને પહાડી છે. વનરાજી નિહાળતા નિહાળતા અમે પરમાત્મા મહાવીર દેવની યાત્રાર્થે ગયા. શું સુંદર એકાન્ત યાત્રાધામ છે ! એકાન્તમાં બેસી ધ્યાન ધરવા લાયક સ્થાન છે. આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું, આત્મ સાન્નિધ્યે-સાક્ષાત્કાર કરવાનું અનુપમ આદર્શ સ્થાન છે. આ તીર્થસ્થાન બે હજાર વર્ષથી પણ પ્રાચીન છે. તીર્થ-સ્થાન ખૂબ ચમત્કારી અને મહાત્મ્યવાળું છે. અહીં મહાવીર પ્રભુની સુંદર મૂર્તિ છે. પ્રતિમાજી પ્રાચીન હોવાથી લેપ થયેલો છે.

## મુછાળા મહાવીર.

મૂર્તિ તો પ્રભુ મહાવીર દેવની છે. પરન્તુ તે મુછાળા મહાવીર તરિકે ઓળખાય છે તેનું કારણ દંતકથાનુસાર હું નીચે આપું છું. "એક વાર મેવાડાધિપતિ મહારાણાજી મૃગયા ખેલવા નીકળેલા ફરતા ફરતા તેઓ આ સ્થાને આવી પહોંચ્યા અને મંદિરજીના બહારના ઓટલા ઉપર વિશ્રાંતિ કરી. ત્યાં મંદિરજીનો પૂજારી અતિથિસત્કારની ભાવનાથી એક કટોરીમાં કેસર ભરીને લાવ્યો અને બધાને તિલક કરવા માંડ્યા. તેમાં કટોરીમાં અકસ્માત્ બાલ દેખાયો. બાલ જોઇ પૂજારીની બેદરકારી માટે ઠપકો આપ્યો અને હસતાં હસતાં કહ્યું કે "તમારા દેવને દાઢી-મૂછ જણાય છે ! નહિં તો આ બાલ કયાંથી આવે ?" પૂજારીએ કહ્યું "અન્નદાતા અમારા દેવ અનેક રૂપશક્તિના ભંડાર છે. આપને જે રૂપે પ્રભુનાં દર્શન કરવા હોય તે રૂપે હું દર્શન કરાવું ?" રાણાજીએ કહ્યું દાઢી-મૂછ સહિત પ્રભુનાં દર્શન કરાવો તો ખરા ? ત્યારપછી પૂજારી મંદિરમાં જ ત્રણ દિવસ સુધી જાપ કરી સાધના કરી અને ત્રીજે દિવસે પૂજારીને સ્વપ્ન આવ્યું કે "તારા મહારાણાને કહેજે કે કાલે દાઢી-મૂછ સહિત પ્રભુજીનાં દર્શન થશે." બીજે દિવસે મહારાણા મંદિરજીમાં પધાર્યા. અને દાઢી-મૂછ સહિત પ્રભુ પ્રતિમાજીનાં દર્શન થયાં. મહારાણા આ જોઇ ચકિત થઇ ગયા. તેના મનમાં અપૂર્વ શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને મોટા દેવ મહાવીર કહી દેવધિદેવને પ્રેમ અને ભક્તિથી નમ્યા. આજે અનેક જૈનેતરો પણ આ દેવને નમવા આવે છે. અહીંથી કેસરીયાજીનો સીધો રસ્તો છે. મેવાડપ્રદેશનો અહીં સુગમ માર્ગ છે. અહીં એક સુંદર ધર્મશાળા છે. અમે તો દર્શન કરી, થોડા લેખો જોઇ પાછા ઘાણેરાવ જ આવી ગયા. અહીંથી નાડલાઇ ગયા.

## નાડલાઈ.

ઘાણેરાવથી નાડલાઇ ૨ાા થી ૩ ગાઉ દૂર છે. આ નગરીનું પ્રાચીન નામ **નારદપુરી છે.** પહેલાં પૂરી જાહોજલાલી ભોગવતું આ મહાન્ નગર આજે તદ્દન સામાન્ય દશામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ૧૧ સુંદર જિનમંદિરો છે જ્યારે શ્રાવકોનાં ઘર ૫૦ થી પણ ઓછાં છે. પૂજા કરનાર પૂજારી સિવાય થોડા જ શ્રાવકો પૂજા કરે છે. બે પહાડ ઉપર બે સુંદર મંદિરો છે. અને બાકીનાં ગામમાં અને ગામબહાર પહાડીની નીચે છે. બે મંદિરો ગામમાં છે. બાકીનાં બહાર પહાડીની નજીકમાં છે. અમે ચૈત્ર મહિનાના ખરા બપોરે દર્શનાર્થે નીકળ્યા. પહાડી ઉપર ગયા. ત્યાં શ્રી નેમનાથજીનું મંદિર હતું પણ મંદિર બંધ થઇ ગયેલું. અર્ધાથી પોણા કલાકની તપશ્ચર્યા પછી પ્રભુજીનાં દર્શન થયાં. ત્યાંથી અમે નીચે સહસ્ત્રામ-વનમાં દર્શનાર્થે ગયા, ત્યાં સામેની પહાડી ઉપર શ્રી ઋષભદેવજીનાં દર્શન કરવા ગયા. ત્યાં પણ દરવાજો બંધ હતો. થોડી જ વારમાં પૂજારી આવ્યો અને પ્રભુજીનાં દર્શન થયાં. આ બન્ને સ્થાનોને શત્રુંજય અને ગિરનાર તરીકે પ્રસિદ્ધિ મળેલી છે. નેમનાથ પ્રભુનું મંદિર પ્રાચીન છે. ત્યાં બારમી શતાબ્દિનો લેખ મળે છે. તેમ જ પંદરમી શતાબ્દિમાં જીર્ણોદ્ધાર થયાનો લેખ એક થાંભલા ઉપર કોતરેલો છે. આ સિવાય સુપાર્શ્વનાથજી, બે પાર્શ્વનાથજી પ્રભુનાં, શ્રી વાસુપૂજ્યજી પ્રભુનું, શ્રી નેમ-નાથજી પ્રભુનું, શ્રી શાન્તિનાથ પ્રભુજીનું, શ્રી અજિતનાથજી પ્રભુનાં પ્રાચીન ભવ્ય મંદિરો છે. દરેક મંદિરોમાં જતાં પગથિયાં ચઢી-સિઢીઓ ચઢીને ઉપર જવાય છે અને પછી જ પ્રભુજીનાં દર્શન થાય છે. એક જ દિવસમાં એકી સાથે આ બધી યાત્રા કરતાં મુશ્કેલી પડે છે માટે બે દિવસમાં શાન્તથી યાત્રા થાય તો જ જે વધુ આહ્લાદ આવશે.

નાડલાઇ ગામની નજીકમાં જ ભવ્ય આદિનાથ પ્રભુનું મંદિર છે. ખૂબ પ્રાચીન સ્થાન છે. સુપ્રસિદ્ધ મંત્રવાદી શ્રી **યશોભદ્રસૂરિજી** મહારાજે આ મંદિર અત્રે પધરાવ્યું, અને પોતાના હરિફ બ્રાહ્મણના છોકરાને-સંન્યાસીને હરાવ્યો હતો. આ સંબંધી એક કાવ્ય મળે છે.

> સંવત્ દશ દહોત્તરો, વદિયા ચોરાશી વાદ;
> ખેદનગરથી લાવિયા, નાડલાઇ પ્રાસાદ.

શ્રી યશોભદ્રસૂરિજી મહારાજ પરમપ્રભાવિક અને મહાન્ મંત્રવાદી થયા છે. દશમી શતાબ્દિના જૈન શાસનના મહાન્ જ્યોતિર્ધર હતા. અહીંની યાત્રા કરી અમે **નાડોલ** ગયા.

## નાડોલ.

નાડલાઇથી ત્રણ ગાઉ દૂર આ સ્થાન છે. અહીં ચાર સુંદર જિનમંદિરો છે, તેમાં શ્રી પદ્મપ્રભુનું મંદિર તો શ્રી સંપ્રતિ મહારાજાના સમયનું છે. તેમાં બે ઊભા કાઉસગ્ગીયા ઉપર ગુપ્ત સમયની લીપીના બે લેખો છે. આ સિવાય ઉપાશ્રય નજીક પરમાત્મા શ્રી પાર્શ્વનાથજી મહારાજનું મંદિર છે અને પરમાત્મા શ્રી શાન્તિનાથ પ્રભુજી તથા પરમાત્મા શ્રી નેમનાથ પ્રભુજીનાં બે સુંદર મંદિરો છે. અહીં શ્રાવકોમાં પુષ્કળ ઝઘડો છે. મુનિ-રાજશ્રી નિપુણવિજયજી મ. તેમનો સંપ કરાવવા પ્રયત્ન કરતા હતા શું થયું. એની ખબર પડી નથી.

અહીંથી અમે વરકાણાજી તીર્થની યાત્રા કરવા ગયા. —( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પર્યુષણપર્વ સંબંધી નિર્ણય અને ચોમાસું ખંભાતમાં જ.

વૈશાખ શુદ ૧૪ ને સોમવારે, વ્યાખ્યાન પ્રસંગે, શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ **વિજયવલ્લભસૂરિજી**, જેઓ વડોદરાથી ટૂંક સમય પૂર્વે આવેલ ગૃહસ્થોની વિનંતિને અંગે વૈશાખ વદ ૩ શુક્રવારે સવારે વિહાર કરી વડોદરા તરફ જવાના હોવાથી, સંઘ તરફથી શ્રી દીપચંદ પાનાચંદ માસ્તર, શ્રી રતનલાલ, શ્રી હીરાભાઈ મગનલાલ, શ્રી ગાંડાભાઇ આદિ ગૃહસ્થોએ ઊભા થઇ, ચોમાસુ ખંભાતમાં કરવાનું નિશ્ચિત કરવા પ્રાર્થના કરતા, ઉક્ત પ્રસંગે તેઓશ્રીએ જણાવ્યું કે—"સાધુ ધર્મના આચાર મુજબ ચાતુર્માસનું અત્યારથી ચોક્કસ ન કહી શકાય છતાં હું આપ સર્વના આગ્રહથી એટલું જણાવું કે મારી ઇચ્છા આ ચોમાસુ અત્રે કરવાની છે, છતાં અણધાર્યો પ્રસંગ બને તો કંઈ કહી શકાય નહીં, કેમકે આખરે તો જ્ઞાનીનું દીઠું જ થાય છે. વડોદરા તરફ ચરણવિજયજીની તબિઅતને લઇ હાલ તો મેં માત્ર મહિનો લગભગ ફરી આવવાનો વિચાર રાખ્યો છે, છતાં અણધાર્યાં કારણોથી ધાર્યું બર નથી આવતું. પંજાબ જવા નીકળેલો હું ખંભાતમાં થોભી ગયો અને જામનગર ચોમાસા નિમિત્તે ગયેલા શ્રી નેમિસૂરિજી ત્યાંથી વિહાર કરી પાછા આવે છે એ સમાચાર એ વાતની સાક્ષી પૂરે છે. એક ભાઇ કહે છે કે જયારે એ સર્વ આ તરફ આવે છે અને સંવત્સરી પ્રકરણનો નિર્ણય થવાનો છે ત્યારે આપ અહીંથી વિહાર કરો તે ઠીક નથી. એ સંબંધમાં મારે એટલું જણાવવાનું છે કે જેમના મનમાં અમુક જાતની રાગદશા ભરી છે તેમને ભલે નિર્ણય કરાવવાપણું હોય. અમારા માટે અમારા ગુરુદેવોએ જે માર્ગ લીધો છે તે જ દીવા જેવો સ્પષ્ટ અને આદરણીય છે. જે ગૃહસ્થોએ નિર્ણય માટે માંગણી કરી ચોમાસા માટે ગયેલ આચાર્યોને વિહાર કરાવ્યો છે તેઓ ખરેખર નિર્ણય કરાવે છે કે અધવચ બેસી પડે છે કે કંઇ ત્રીજું જાગે છે એ હજુ જોવાનું છે. બાકી બે પાંચમો આગળ પણ આવેલી છે. એ સારુ કેવી પરંપરા છે તેમજ વિદ્યમાન સાધુગણના ગુરુઓએ અને દાદાગુરુ શ્રી બુટેરાયજી તેમજ તેમના ગુરુ શ્રી મણિવિજયજી દાદાએ કેવી રીતે આરાધન કર્યું હતું તે હું જાહેર રીતે જણાવી ગયો છું. એ સંબંધમાં પંજાબ સંઘના ચોપડાઓનો ઉલ્લેખ પણ કરી ગયો છું. આવી ચોક્કસ સ્થિતિ આંખ સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવા છતાં હજુ કેટલાકની રાગદશા ઉડતી નથી. એ સારુ મુંબઈ શ્રી ગોડીજી મહારાજના ટ્રસ્ટી તરફથી આવેલ પત્ર મારે તમોને વાંચી સંભળાવવો પડે છે. "શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ચોપડાઓ તપાસતાં નીચે પ્રમાણે હકીકત સાંપડી છે તે આપશ્રીને માલૂમ થાય.

સં. ૧૯૩૦ માં પાંચમ બે છે. એક સોમવારે, બીજી બુધવારે. પહેલી પાંચમને ભા. શુ. ૪ ગણી મંગળવારે સંવત્સરી કરી છે. તે વર્ષમાં સ્વપ્ના ભા. શુ. ૨ શનિવારે ઉતર્યા છે અને તે સર્વના નામો અને રકમો મોજુદ છે.

સં. ૧૯૩૧ માં બે ચોથ છે. તે વર્ષમાં ભા. શુ. ૨ ને બુધવારે સુપના ઉતર્યા છે અને બીજી શુદ ૪ ને દિને સંવત્સરી કરી છે. તે શુદ ચોથે શનિવાર છે. પર્યુષણ શનિથી શરૂ થઇ શનિએ પૂરા થયા છે. સં. ૧૯૫૭ માં બે ચોથ હતી સોમ અને મંગળવારે, ભાદરવા શુ. ૨ શનિવારે સુપના ઉતાર્યાનું નામું છે."

આ સાલમાં પણ બે પાંચમ છે એટલે તેની બે ચોથ ગણી સં. ૧૯૩૦ માં જેમ થયું હતું તેમ હું તો ગુરૂવારની સંવત્સરી કરનાર છું. એ પરંપરા શ્રી વિજયનેમિસૂરિ માને છે. શ્રી સાગરજી બે ચોથને બદલે બે ત્રીજ ગણે તો પણ સંવત્સરી તો ગુરૂવારની જ કરનાર છે. ટુંકમાં કહીએ તો મોટા ભાગની માન્યતા પૂર્વ પ્રમાણે છે. જેમને તદ્દન નવા માર્ગે જવું છે તેમની આ બધી ધમાધમ લાગે છે. જ્યાં રવૈયો કે પુરાણા લખાણ જોવા નથી અને મનસ્વીપણે હાંકે રાખવું છે ત્યાં વાદવિવાદથી કયો નિર્ણય થવાનો છે ?

આટલીયે વાત પ્રસંગોપાત એટલા સારૂ જણાવવી પડી કે જેથી જૈન સમાજ ખોટા ભ્રમમાં ન રહે. હૃદય શુદ્ધ વિના વાદવિવાદનો કંઈ જ અર્થ નથી. એ અહીં થશે કે નહીં એ તો જ્ઞાની જાણે છતાં મારી કોઇ અનિવાર્ય કારણ સિવાય અત્રે ચોમાસા માટે આવવાની ઇચ્છા છે. આ કરતાં સંઘની વિનંતિનો વધુ સ્પષ્ટ ઉત્તર બીજો શો આપી શકું ?"

સૂરિમહારાજના આ મનનીય પ્રવચન પછી સંઘ તરફથી મહાવીર ભગવાનની જય પોકારવામાં આવી હતી. ચોમાસું ખંભાતમાં જ થશે એમ ખાતરી થવાથી સંઘના દિલ રાજી થયા હતા.

આ ઉપરથી પ્રત્યેક સ્થળના સંઘ આગેવાનોને પોતાને ત્યાંના સં. ૧૯૩૦ ના ચોપડા જોઈ સંવત્સરી નિર્ણય જાતે કરી લેવા વિનંતિ છે. હાથ કંકણને આરસાની ભાગ્યેજ જરૂર હોય. આમ કરવાથી કોળાહળ આપોઆપ શમી જશે.

**મોહનલાલ દીપચંદ ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં.

લે૦ સમન્વય

વિનયકાંત, આજે આપણે જોયેલાં દ્રશ્યો પરથી તારવણી કરી, આત્માની શોધ સાથે એનો કેવો સંબંધ છે તે વિચારવાનું છે. પ્રથમ દ્રશ્ય મેં સ્વામીવાત્સલ્યનો લાભ લેવાની જિજ્ઞાસાધારક ગ્રહસ્થ આંગણે આવેલ અને કર્મવશાત્ આપત્તિથી આવૃત થયેલ ગ્રહસ્થ સાથે જાણે વેપારીવૃત્તિને અને ધર્મને કંઈ જ લેવાદેવા જ ન હોય તેમ વાત કરતો અને વ્યવહાર આચરતો દ્રષ્ટિગોચર થાય છે, એ પરથી એ મહાશયનું ધર્મ પરત્વેનું જાણુપણું ઉપરછલ્લું જ છે એમ વિનાસંકોચે કહેવું જોઈએ.

એ ગ્રહસ્થના ઉદાહરણ પરથી ચાલુ સમયમાં એના સરખું જીવન એક યા બીજી રીતે જીવી રહેલા સંખ્યાબંધ ગ્રહસ્થોના કાર્યો તરફ મીટ માંડી શકાય.

બીજા અને ત્રીજા દ્રશ્યમાં તો જૈન સમાજમાં જ્ઞાન પ્રત્યે કેવી વૃત્તિ જામી છે અને અનગાર સંસ્થામાં, ત્યાગ વ્રત સ્વીકાર કરી દાખલ થનાર વર્ગનો મોટો સમૂહ આજે શાસનની કેવા પ્રકારની સેવા બજાવી રહ્યો છે કિંવા પોતાની કીર્તિ–પતાકાના ઢોલ–નિશાન વગડાવી રહ્યો છે તેના સ્પષ્ટ દર્શન થાય છે.

ચોથું ચિત્ર તો જૈન સમાજ જે રીતે દ્રવ્ય ખરચી ધર્મ પ્રભાવના કર્યાનો આનંદ માણે છે તેના નમૂનારૂપ છે. મારે સખેદ કહેવું પડે છે કે એ દરેકમાં પ્રભુશ્રી મહાવીર દેવના ધર્મની કે શાસનની પ્રભાવના કરતા પોતપોતાના કાર્યોની જાહેરાત જગતમાં કેવી રીતે સત્વર પ્રસરે એ આશયથી કરાયેલ આડંબર ધમાલ અને સમજણુવિહુણી કરણીનો સંભાર સવિશેષ છે. આથી સહજ પ્રશ્ન ઉદ્‌ભવશે કે–ભલભલા વિદ્વાનો, અરે સૂરિપુંગવો કે કવિકુલ કિરીટો આવી લાલસામાં પડે અથવા તો ધર્મના સાચા સ્વરૂપનાં દર્શનથી સાવ પછાત હોય !

બેશક, આ બાબતમાં તેમ છે એમ કહ્યા વગર નથી ચાલતું. તેઓ કયાં તો આડંબર ને ધુમધામમાં ધર્મ માનતા સંભવે છે અથવા તો આ ભવ પૂરતું મળેલ ખોળીયુ તેમાં જ આત્મતત્ત્વ સમાવી દઈ તેની વાહવાહમાં જીવન સાર્થક્ય અવધારી રહ્યાં લાગે છે. નગીનચંદ કે પ્રેમવિજય એ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભવ પૂરતા નામમાત્ર છે પણ એ સંબંધ તો જેમને થઇ રહ્યાં છે તે શાશ્વત આત્મા છે અને એની જ સાચી રીતે પીછાન કરવાની જરૂર છે. એ આત્માના સ્વરૂપમાં ઉંડું અવગહન કરનાર તો સહજ જાણી શકશે કે મૂળ રૂપે તો એ નિરંજન–નિરાકાર છે.

નિરંજન–નિરાકાર આત્માના પિછાનકો જે કંઇ ક્રિયા આચરે એમાં નામના કે દેખાવ કરતાં સનાતન તત્ત્વનો ચમકાર સવિશેષ હોવો જોઇએ. વિધિ–વિધાન કે સેવા કરતાં જ્યાં આત્મત્વનો ધ્વંસ થતો જણાય ત્યાં તરત જ બ્રેક પડી જાય. લાભાલાભની ગણુના તરત જ અદરાય. એ ઉપરથી એક જ સાર તારવી શકાય કે આત્મત્વનું જેને જેને સાચું જ્ઞાન થયું હોય અગર તો જે જે એ પાછળ અહોરાત્ર મસ્ત બન્યા હોય તેઓ જે કંઈ ઉપદેશ આપે અથવા તો જે કંઇ કરણી કરે–કરાવે તે સર્વ પરમાત્મા મહાવીર દેવના શાસનની પ્રગતિ સાધનારી અને એ રીતે જૈન સમાજનું શ્રેયસર્જન કરનારી હોવી જોઇએ. પોતાની અલગ ડુગડુગીનો ત્યાં પ્રશ્ન ન જ ઉદ્ભવે. દેશ–કાળ ત્યાં જરા પણ ન વીસરાય ? આ ઉલ્લેખો પાછળ કથાનકોનું જીવંત બળ છે. ટુંકમાં એકાદ બે અવતરણદ્વારા ખાતરી કરી શકાય તેમ છે.

શ્રી ગૌતમ જેવા જાણુતા છતાં ભાવી પ્રજાના કલ્યાણ અર્થે પ્રશ્નોની હારમાળા રચે છે અને એ પર પ્રભુના ઉત્તરો મેળવે છે. આવો પ્રબળ પુરુષાર્થી ગણુનાયક પણ આનંદ જેવા એક શ્રાવકને “મિચ્છામિ દુક્કડમ્” આપવા જતાં રંચમાત્ર ગર્વ ધરતો નથી. ‘આણાએ ધમ્મો’ સૌ કોઈ પોકારે છે પણ જ્યાં અમલનો પ્રસંગ આવે ત્યાં શ્રી ઇંદ્રભૂતિ જેવું કરનાર કેટલા? આત્મત્વ જેણે પિછાન્યું હોય તેને ત્યાં વિલંબ કરવાપણું ન જ હોય. ‘મનુષ્ય-માત્ર ભૂલને પાત્ર છે અને એ જ છદ્મસ્થપણાની નિશાની છે.’ એ આત્માર્થી સહજ સમજી લે છે. એ જ ગણધર મહારાજાશ્રી કેશીમુનિ સહ મેળાપમાં અને થયેલા સંવાદમાં કેવો સુંદર ભાગ ભજવે છે ?

વિનયકાંત—પૂજ્ય સંત, શ્રી ગૌતમનો દાખલો એ તો વધારે પડતો લેખાય. તદ્ભવમોક્ષગામી આત્માના કર્તવ્યો માટે શું કહેવું ? આપ બીજા દ્રષ્ટાંતો ધરી શકો તેમ છો.

સંત—વિનયકાંત, તેં ઠીક કહ્યું. શ્રી સુધર્મા સ્વામીની પાટ પર આવનાર ભાગ્યે જ શ્રી ગૌતમ જેવું જીવન જીવે એમજ ને ? કંઇ નહીં. જોને ભાઇ ભદ્રબાહુનું જીવન. ત્યાં તો–દાદાના દરબારમાં ડંકો સંભળાયો–‘ગિરિવર દર્શન વીરલા પાવે’ નો ધ્વનિ ગુંજી રહ્યો. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## વડોદરામાં જયંતિ ઉત્સવ.

આગલે દિવસે આખા શહેરમાં આમંત્રણ પત્રિકાઓ પહોંચાડવામાં આવી હતી તેથી તમામ જનતા આ અપૂર્વ અવસરનો લાભ લેવા ઉત્સુક હતી. તા. ૧૬-૬-૧૯૩૭ ની સવારના સાડાઆઠ વાગતાં ઉપાશ્રય શ્રોતાઓથી ચિકાર ભરાઇ ગયો હતો, જેમાં રીટાયર્ડ દીવાન સાહેબ રા. રા. શ્રીયુત **ગોવીંદભાઇ** હાથીભાઇ દેશાઇ પણ હતા. આચાર્યમહારાજ શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી** અધ્યક્ષ-સ્થાને બિરાજતાં આદિજિન મંડળે મંગલાચરણનાં ગીત ગાયાં હતાં. શ્રીસંઘે ગુરૂમહારા-જની વાસક્ષેપથી પૂજા કરી. ત્યારબાદ શાહ સુંદરલાલે પોતાનું વક્તવ્ય રજૂ કરતાં નીચેની હકીકત જણાવી કરી હતી. આત્મારામજી મહારાજ સાહેબ સત્યના પૂજારી હતા. તેમણે પં. રતનચંદજી પાસે અભ્યાસ કર્યો હતો. રતનચંદજીએ તેમને મૂર્તિની નિંદા ન કરવી વિગેરે બાબતો સમજાવી હતી. ત્યારબાદ આચાર્ય શ્રી વિજયલલિતસૂરીજી મહારાજે બોલતાં જણાવ્યું કે જ્યારે જ્યારે પૃથ્વી ઉપર પાપનો બોજો વધે છે ત્યારે જનતાના પુણ્યથી કોઇ એક દિવ્ય વિભૂતિનું અવતરણ થાય છે. જેમ રાવણના અપરાધો અસહ્ય થઇ પડતાં મહારાજા દશરથને ત્યાં રામચંદ્રજીનો જન્મ થયો હતો. અને કંસના ઉત્પાતોનું ઉપશમન કરવા શ્રીમદ્ કૃષ્ણ મહારાજનો ઉદ્દભવ થયો હતો. ભારતવર્ષમાં સેંકડો વર્ષથી સતી પ્રથાના નામથી જે અન્યાયો ચાલતા હતા તેને નિર્મૂળ કરવા રાજા રામમોહનરાયને કાંઇ ઓછાં કષ્ટ વેઠવાં પડ્યાં નથી. તેમજ જયંતિનાયકને પણ સત્ય ધર્મના પ્રચાર કાર્યમાં અનેક કષ્ટો સહન કરવા પડ્યાં છે, તે વાત તદ્દન સ્પષ્ટ છે. સંક્ષેપમાં પૂજ્યપાદનું જીવનચરિત્ર કહી તેમની ભવભીરૂતાનાં કેટલાંક દૃષ્ટાંતો સંભળાવી પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું હતું. ત્યારબાદ રા. રા. ગોવીંદભાઇએ ઊભા થતાં બહુ જ વિનીત ભાવથી સારા અસરકારક શબ્દોમાં જૈન ધર્મનું મહત્ત્વ દર્શાવી સ્વર્ગસ્થ શ્રીમદ્ આત્મારામજી મહારાજ જેવા મહાપુરૂષો જ જગતનું કલ્યાણ કરી શકે છે એમ સચોટ રૂપે દર્શાવ્યું હતું. તેમજ અધ્યક્ષપદે બિરાજતા પૂજ્યપાદ આચાર્યમહારાજ પ્રત્યે અત્યંત ભક્તિભાવ દાખવતાં પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું હતું. તે પછી પૂજ્યપાદ આચાર્યમહારાજે પોતાની મધુર વાણીથી ઉપદેશ કરતાં અનેક દલીલો અને દાખલાઓ આપી જૈન ધર્મની વિશાળતા અને ઉદારતા એવી તો સુંદર મનોજ્ઞ શૈલીથી સ્પષ્ટ કરી હતી કે શ્રોતાઓના રોમ-રોમમાં જૈન ધર્મને માટે અપૂર્વ સદ્દભાવ પ્રગટ થવા પામ્યો હતો.

જયંતિનાયકની સર્વ માન્યતાના વિષયમાં બોલતાં શ્રીજી સાહેબે સમજાવ્યું કે આજકાલ જ્યાં ત્યાં સંવત્સરીની ચર્ચા ચાલી રહી છે, પણ કોઈ નાયક ન હોવાથી કોઇનું વચન સર્વ સમાજમાં પૂર્ણ રીતે માન્ય થતું નથી. ત્યારે મહારાજશ્રીની બાબતમાં એથી જુદા રૂપનો અનુભવ થઇ રહ્યો છે. સંવત ૧૯૫૨ માં જૈન સંપ્રદાયની પ્રખ્યાતિ પામેલા ભરૂચનિવાસી શેઠ અનુપચંદ મલુકચંદે તેઓશ્રીજીને પત્ર લખી પુછાવ્યું હતું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાલ ભાદરવા શુદ ૫ નો ક્ષય લખ્યો છે તો આપણા સકલ શ્રી સંઘમાં શાંતિ રહે અને સૌ કોઈ એક જ માર્ગે ચાલી પર્વાધિરાજનું એક સાથે આરાધન કરે તેવો માર્ગ કૃપા કરી દર્શાવશો. અનુપભાઈના પત્રના જવાબમાં તેઓશ્રીએ ફરમાવ્યુ હતું કે શુદ ૫ નો ક્ષય એક જ ટીપણામાં છે, અને બાકી બીજા ટીપણાઓમાં ભાદરવા શુદ ૬ નો ક્ષય છે તેથી આપણે ભાદરવા શુદ ૬ નો ક્ષય માનવો યોગ્ય છે. ત્યારબાદ તે જ સાલમાં તેઓ-શ્રીનો સ્વર્ગવાસ થયા પછી છાણીમાં ચાતુર્માસ રહેલા મુનિરાજ (હાલના આચાર્ય) શ્રી સિદ્ધવિજયજી મહારાજની સમક્ષમાં આ પ્રકરણ રજૂ થયું. અને તેમણે નિર્ણય માટે છાણીના ભાઈઓ મારફત ભરૂચવાળા અનુપચંદભાઇ આદિ જાણકાર શ્રાવકોને બોલાવ્યા તે વખતે અનુપચંદભાઇએ આચાર્યમહારાજ સાથે જે પત્રવ્યવહાર થયો હતો તે બધાની સમક્ષ કહી સંભળાવ્યો અને તેનાથી સર્વનું સમાધાન થયું અને સકલ શ્રી સંઘે ભાદરવા શુદ ૬ નો ક્ષય કર્યો. આથી આપણે સમજી શકીએ છીએ કે તેઓનું વચન તે વખતનો ભાગ્યશાળી શ્રી સંઘ કેવા રૂપમાં માન્ય કરતો હતો. આ પ્રસંગની નોંધ ૧૯૫૨ ના જૈન ધર્મ પ્રકાશના પુસ્તક ૧૨ માના શ્રાવણ શુદિ પુનમના અંક પાંચમામાંથી કાઢી સંભળાવી હતી અને પ્રસંગોપાત્ત જણાવ્યું હતું કે જ્યારે ૧૯૫૨ ની સાલમાં ભાદરવા શુદ ૫ નો ક્ષય શ્રી સકળ જૈન સંઘમાંથી કોઇએ પણ માન્યો નથી ત્યારે કેટલાક આજકાલ આ વાત પ્રસિદ્ધ કરી રહ્યા છે કે શ્રી આત્મરામજી મહારાજે ભાદરવા શુદિ ૫ નો ક્ષય માન્યો હતો! કેટલું બધું હડહડતુ જુઠાણું. જરા તે વખતના જીવતા સાધુ–સાધ્વી–શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાંથી એકનું પણ નામ કોઇ બતાવે કે અમુકે પાંચમનો ક્ષય કર્યો હતો. વગેરે સમજાવી મંગલિક સંભળાવી પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું હતું. ત્યારબાદ રીતિ મુજબ ભાઈ સુંદરલાલે સર્વનો આભાર માન્યો અને શ્રી મહાવીરસ્વામી તથા જયંતિનાયક આચાર્ય મહારાજની જયધ્વનિના અવાજ સાથે શ્રી સંઘની સભા વિસર્જન થઇ. બપોરે ચૌટા ઓળે શ્રી આદિનાથના મંદિરમાં જયંતિ-નાયકની જ બનાવેલી સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

## સ્વ. જૈનાચાર્યશ્રી આત્મારામજી મહારાજશ્રીની ખંભાતમાં ઉજવાએલ જયંતી.

### જાણીતા ગ્રહસ્થોની હાજરી.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય જૈનાચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી મહારાજ સાહેબ) ની જયંતી ઉજવવા એક જાહેર સભા સં. ૧૯૯૩ ના જેઠ સુદ ૮ ને બુધવારે સવારે શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં પંન્યાસજી સમુદ્રવિજયજી મહા-રાજના પ્રમુખપણા હેઠળ મલી હતી. શ્રીસત્યવિજયજી મહારાજે જણાવ્યું કે આ મહાત્માએ જૈન સમાજને માટે ઘણું જ સહન કરેલું છે. સંવેગીપણાની અમદાવાદની અંદર પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજ સાહેબની પાસે બીજા લગભગ વીસ સાધુઓ કે જે ઢુંઢકમતમાંથી આવ્યા હતા તેમની સાથે દીક્ષા લીધી હતી. તેઓશ્રી અનુક્રમે વિહાર કરતાં ખંભાત પધારેલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખંભાતના ભંડારનું ઉપાડેલું કાર્ય.

તે વખતે ખંભાતના પ્રાચીન ભંડારની મુલાકાત લઇને ભંડારને વ્યવસ્થિત રૂપમાં લાવવા માટે કાર્ય ઉપાડયું હતું અને તે પછી ઘણાં જ વરસો બાદ તે ભંડારનું કાર્ય તેઓશ્રીના પટ્ટધર પંજાબ નરકેસરી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજે ઉપાડેલું છે તે કાર્ય અત્યારે ચાલુ છે,

ત્યારબાદ દીપચંદ માસ્તરે જણાવ્યું કે તેઓશ્રીનો જન્મ સંવત ૧૮૯૨ માં પંજાબમાં થયો હતો. એક ઝુંપડી નાનીમાંથી નીકળીને હીરાસમા ઝળકી રહ્યા હતા. તેઓશ્રી દરરોજના લગભગ ૩૦૦ શ્લોક કંઠાગ્ર કરતા હતા .

ત્યારબાદ પંડિત શ્રી માધવાચાર્યજીએ હિંદીમાં બોલતા જણાવ્યું કે આજના જયંતીનાયક તેઓશ્રીની મુર્તિ અદ્દભુત નજરે પડે છે. મહારાજશ્રી ભારે વિદ્વાન હતા.

ત્યારબાદ મુંબઇથી આવેલા શ્રી વાડીલાલ જેઠાલાલ શાહે જણાવ્યું કે અમુક મુદ્દાઓ હું તેઓશ્રીના જીવનમાંથી રજૂ કરૂં છું. જૈન ધર્મ દરેક ગ્રહણ કરી શકે છે અને આ મહાત્માની છાપ ઠેઠ વીલાયત સુધી પડી હતી. જયારે ચીકાગોમાં સર્વધર્મ પરિષદ મલી ત્યારે આ મહાત્માને આમંત્રણ મલ્યું હતું. જૈન સાધુના આચાર મુજબ ત્યાં જઇ શકાય તેમ નહી હોવાથી તેઓશ્રીએ વીરચંદ રાઘવજી ગાંધી બેરીસ્ટરને ચીકાગો મોકલ્યા હતા અને શ્રી. ગાંધી પણ ત્યાં સારી સેવા બજાવીને પાછા ફર્યા હતા.

## પંન્યાસજી સમુદ્રવિજયજી મહારાજ સાહેબે

પ્રમુખસ્થાનેથી જણાવ્યું કે મારા પહેલાંના વકતાઓએ ઘણીખરી બીનાઓ જણાવી દીધી છે. એ વધુમાં જણાવ્યું કે જૈન ધર્મના પ્રચાર માટે, જૈન ધર્મની ઉન્નતિ માટે તેઓશ્રીના કેવા સુંદર વિચારો હતા. જેનું દિગ્દર્શન કરાવ્યું હતું.

ગુરૂમહારાજની અંતિમ ભાવનાને સાચવી રાખીને પંજાબની અંદર આત્માનંદ જૈન ગુરૂકુલ, મારવાડમાં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય ઉમેદપુર, જૈન બાલાશ્રમ તેમજ મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના આજના જયંતીનાયકના ખાસ પટ્ટધર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ કરેલી છે. ત્યારબાદ સર્વ મંગલ સંભળાવી સભા મોડેથી વિસર્જન થઇ હતી. પ્રભાવના થઇ હતી. તેમજ બપોરના ધર્મશાળામાં જ પુજા ભણાવવામાં આવી હતી.

---

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો ૪૧ મો વાર્ષિક મહોત્સવ.

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદિ ૮ ના રોજ સભાએ શ્રી શત્રુંજય ઉપર ઉજવેલ જયંતિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાને એકતાલીશમું વર્ષ પૂરું થઇ જેઠ શુદ ૭ ના રોજ બેતાલીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષે મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા.

૧. જેઠ શુદ ૭ મંગળવારના રોજ આ સભાના મકાન (આત્માનંદ ભવન) ને ધ્વજા-તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ **પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ**ની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજકૃત શ્રી પંચપરમેષ્ઠીની પૂજા ભણાવવામાં આવી હતી. ત્યારબાદ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તે જ દિવસે બપોરના ક. ૨–૩૫ ની ટ્રેનમાં દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજશ્રીની જયંતિ જેઠ શુદ ૮ રવિવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) શુમારે સાઠ સભાસદ બંધુઓ ગયા હતા.

૨. જેઠ શુદ ૮ બુધવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદીશ્વર પ્રભુનાં મંદિરના ચોકમાં** શ્રી નવાણુ પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી, તથા ગુરુદેવની આંગી રચવામાં આવી હતી અને બપોરના સ્વામી–વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે દેવભક્તિ તથા ગુરૂભક્તિ કરવામાં આવી હતી. તેનો ખર્ચ ધ્રાંગધ્રાનિવાસી શેઠ પુરૂશોત્તમદાસ સુરચંદ તરફથી આપવામાં આવ્યો હતો. જેને માટે આભાર માનવામાં આવે છે.

આ સભાના સભાસદ **શ્રીયુત વિનયચંદ ગુલાબચંદ** આ વર્ષે બી. એ. ની પરીક્ષામાં પ્રથમ વર્ષે પસાર થયા છે. ઉત્તરોત્તર દરેક ધોરણમાં અને કોલેજની ઉચ્ચ પરીક્ષામાં પણ પ્રથમ વર્ષે જ ઉત્તીર્ણ થયા છે. લઘુ વય હોવા છતાં શિક્ષણ લેવું એક જ ધ્યેય હોવાથી શિક્ષણમાં ઉત્તરોત્તર આગળ વધેલ છે જે માટે તેમને ધન્યવાદ દેતા સાથે આ સભા પોતાનો હર્ષ પ્રદર્શિત કરે છે. નામ પ્રમાણે ગુણ અને હજી પણ શિક્ષણમાં આગળ વધવાની ઉત્કંઠા હોવાથી તેમાં તે ફલિભૂત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજીનો સ્વર્ગવાસ

આચાર્ય શ્રી વિજયલાભસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય પ્રેમવિજયજી મહારાજ લાંબા વખત સુધી બિમારી ભોગવી આ માસની શુદ ૪ ના રોજ સમાધિપૂર્વક અમદાવાદમાં કાળધર્મ પામ્યા છે. તેઓ ઘણા વખતના દીક્ષિત અને શાંત સરલ મુનિશ્રી હતા. છેવટ સુધી પરમાત્માના સ્મરણમાં ધ્યેય હતું. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## નવા દાખલ થયેલા સભાસદો.

| | |
|---|---|
| ૧. શેઠ હીરાચંદ વસનજી | લાઇફ મેમ્બર |
| ૨. શાહ લક્ષ્મીદાસ લાલચંદ નેમચંદ | ,, |
| ૩. મોદી જયંતિલાલ નરશીદાસ | ,, |
| ૪. મહેતા કાંતિલાલ જાદવજી | ,, |
| ૫. ચોકસી મેહનલાલ દીપચંદ | વાર્ષિક મેમ્બર |
| ૬. ઝવેરી અમૃતલાલ સૂરજમલ | ,, |
| ૭. ડોકટર ભગવાનદાસ મનસુખલાલ | ,, |
| ૮ શાહ અમરચંદ બેચરદાસ | ,, |
| ૯ શાહ કપુરચંદ હરિચંદ | ,, |
| ૧૦. શાહ શંકરલાલ ડાહ્યાભાઇ | ,, |
| ૧૧. મા. પાનાચંદ હરિચંદ | ,, |

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર**, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬

૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, રૂા. ૦-૧૦-૦

૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧–૪–૦ રૂા. ૧–૧૨–૦.

૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂા. ૦–૨–૦

૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ પૂજા સાથે. રૂા ૦–૪–૦

૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) રૂા. ૦–૧૦–૦

૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ–વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦–૧૨–૦

## છપાતાં ગ્રંથો.

૧ **શ્રી વસુદેવહિંડિ** ત્રીજો ભાગ

૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત **શ્રી મહાવીર ચરિત્ર.** ભાષાંતર

૩ **પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.**

૪ **શ્રી બૃહત્કલ્પ** ત્રીજો ભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ.

પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ શતાબ્દિના સ્મરણાર્થે આ ગ્રંથના પ્રકાશનમાં અનેક જૈન, જૈનેતર ને પાશ્ચિમાત્ય વિદ્વાનોના વિદ્વત્તાપૂર્ણ લેખો આપી આ ગ્રંથને અપૂર્વ બનાવ્યો છે, તેમજ છપાઇ, ફોટાઓ, બાઇંડીંગ વગેરે કાર્ય-ગ્રંથની સુંદરતામાં વધારો કરે છે. આ ગ્રંથના વિષયો ચાર વિભાગમાં વહેંચાયેલ છે.

| | |
|---|---|
| ૧ ઇંગ્લીશ લેખો ૩૫ | પૃષ્ઠ ૧૯૦ |
| ૨ હિંદી લેખો ૪૦ | પૃષ્ઠ ૨૧૭ |
| ૩ ગુજરાતી શ્રી આત્મારામજી મહારાજ વિષયક લેખો ૨૬ | પૃષ્ઠ ૧૪૪ |
| ૪ ગુજરાતી ઇતર વિષયક લેખો ૩૨ | પૃષ્ઠ ૧૬૦ |

મુનિમહારાજો, વિદ્વાનો, લેખકો અને ઐતિહાસિક સ્થળોના **આશરે દોઢસો ફોટાઓ** સુંદર આર્ટ પેપર ઉપર આવેલ છે; છતાં પ્રચાર અર્થે, મુદ્દલ કરતાં અલ્પ કીંમત રૂા. ૨-૮-૦ રાખેલ છે. એક ગ્રંથનું વજન આશરે પાંચ રતલ હોવાથી બનતાં સુધી રેલ્વે પારસલદ્વારા જ મંગાવવા કૃપા કરવી.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો અર્થ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only